AAF-7101-7102 Seat No.________

# M. A. (Sem. II) Examination

## April / May - 2018

## CC - 201 : Gujarati

## (૧) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન (શામળ)

*(Old Course)*

## (૨) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (ભાલણ)

*(New Course)*

Time : 3 Hours] [Total Marks : 70

## (૧) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન (શામળ)

*(Old Course)*

સૂચના : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ કવિ શામળના સમયની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો પરિચય કરાવો.

અથવા

૧ કવિ શામળના સાહિત્યિક વ્યક્તિત્ત્વને ઘડનારાં પરિબળો ચર્ચો.

૨ કવિ શામળના સમગ્ર સાહિત્ય-સર્જનનો પરિચય કરાવો.

અથવા

૨ પદ્યવાર્તાકાર તરીકે શામળની વિશેષતાઓ અને મર્યાદાઓ વર્ણવો.

૩ 'મદનમોહના' શામળની પ્રતિનિધિ અને લોકપ્રિય કૃતિ છે. - આ વિધાનની સાર્થકતા સમજાવો.

અથવા

૩ શામળની ધર્મ-વિષયક કથાત્રયીનો વિગતે પરિચય આપો.

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)

(૧) શામળનું પ્રકીર્ણ સાહિત્ય

(૨) શામળનું કવિત્વ અને ભાષા

(૩) શામળના છપ્પા

(૪) શામળની વાર્તાઓમાં વ્યવહારોપદેશ

૫ ટૂંકમાં જવાબ આપો : (ગમે તે **સાત**)

(૧) કવિ શામળનો સમય જણાવો.

(૨) પદ્યવાર્તાના મહત્ત્વનાં ચાર લક્ષણો જણાવો.

(૩) 'વેતાલપચીસી'માં વાર્તા કોણ-કોને કહે છે ?

(૪) શામળને સંસાર-નિરીક્ષણનો કવિ શા માટે કહે છે ?

(૫) શામળની પદ્યવાર્તાઓની મર્યાદાઓ જણાવો.

(૬) શામળની વાર્તાસૃષ્ટિમાં મુખ્યત્વે કયા કયા રસ નિરૂપાયા છે.

(૭) શામળની પદ્યવાર્તાઓનો રચનાબંધ જણાવો.

(૮) શામળના માતા-પિતા અને ગુરુનાં નામ જણાવો.

(૯) કવિ શામળ વિષયક દંતકથાઓ જણાવો.

(૧૦) પદ્યવાર્તાઓ ઉપરાંત શામળે શું લખ્યું છે ?

(૧૧) 'રાવણ-મંદોદરી સંવાદ'ની વિશેષતા જણાવો.

(૧૨) અવાંતરકથા એટલે શું ? 'મદનમોહના'માં કેટલી અવાંતરકથાઓ આવે છે ?

## (૨) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (ભાલણ)
## *(New Course)*

**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ ભાલણના જીવન અને ઉછેર વિશે વિગતે જણાવો.

**અથવા**

૧ ભાલણના સમયની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિ પરિસ્થિતિનો પરિચય કરાવો.

૨ ભાલણના સાહિત્યિકપ્રદાનને તમારા શબ્દોમાં મૂલવો.

**અથવા**

૨ ભાલણના સમગ્ર સાહિત્યને આધારે સાહિત્યકાર ભાલણની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો.

૩ કોઈ પણ **બે** કૃતિઓની સમીક્ષાત્મક નોંધ લખો :

(૧) સપ્તશતી

(૨) કાદંબરી

(૩) નળાખ્યાન

(૪) દશમસ્કંધ

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)

(૧) પદકાર ભાલણ

(૨) ભાલણના સમયની લોકસ્થિતિ

(૩) ભાલણનો સમય

(૪) અનુવાદક ભાલણ

૫ ટૂંકમાં જવાબ આપો : (ગમે તે સાત)

(૧) ભાલણને આખ્યાનના પિતા શા માટે કહેવાય છે ?

(૨) 'કાદંબરી'એ ભાલણની યશોદાયી કૃતિ શા માટે છે ?

(૩) આખ્યાન એટલે શું ? આખ્યાનના બી વાવનાર કવિ અને તે આખ્યાનનું નામ લખો.

(૪) ભાલણકૃત 'દશમસ્કંધ'ની કથા શામાંથી લેવામાં આવી છે ? કુલ કેટલાં પદ છે ?

(૫) ભાલણના પુત્રોના નામ જણાવો.

(૬) ભાલણના પિતા અને ગુરુના નામ જણાવો.

(૭) આખ્યાનના બાહ્ય આખ્યાનો જણાવો.

(૮) ભાલણના મહત્ત્વના ચાર આખ્યાનો જણાવો.

(૯) અનુવાદક ભાલણની બે વિશેષતાઓ જણાવો.

(૧૦) ભાલણનું મકાન અને મંદિર પાટણનગરીમાં ક્યાં આવેલું છે ?

(૧૧) પદકાર ભાલણની બે વિશેષતાઓ જણાવો.

(૧૨) ભાલણ વિશે સંશોધન કરનારા કોઈ પણ ચાર સંશોધકના નામ જણાવો.